International Journal for Multidisciplinary Research (IJFMR)
E-ISSN: 2582-2160 ● Website: www.ijfmr.com ● Email: editor@ijfmr.com

# આચાર્યશ્રી વિનોબા ભાવેની સર્વોદય ફિલસુફી અને ક્રાંતિકારી ચળવળ

**ડૉ રંજના સી ધોળકિયા**

રાજ્યશાસ્ત્ર વિભાગ, સમાજવિધાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**સારાંશ :**
વિનોબા ભાવેનું સૌથી મહત્વપૂર્ણ કાર્ય ૧૯૫૧ ની ૧૮ એપ્રિલે શરુ થયેલું ભૂદાન યજ્ઞ આંદોલનનું કાર્ય હતું. જીવનભરના રચનાત્મક કામો અને સાધનાના ટોચકળશરૂપ એ કાર્ય હતું. ભૂદાન આંદોલન અંતર્ગત તેમણે જમીન વિહોણા ખેડૂતો/ખેતમજૂરોને દાનમાં મેળવેલ જમીનોનું વિતરણ કર્યું તે માટે તેઓ એ ઘણા જમીનદારો ના હ્રદય પરિવર્તન કરી ભૂદાન માટે પ્રેરિત કર્યા, અને સર્વોદય ની હાંક મારી. સર્વોદયનો આ વિચાર सर्वे भवनतु सुखीन: માંથી લેવામાં આવ્યો છે સર્વોદયનું તાત્પર્ય સંસારના સર્વે પ્રાણીઓનું સમાન ઉત્થાન થાય એવો છે. આચાર્ય વિનોબા ભાવેએ સર્વોદયના નેતાના રૂપે પણ ઓળખ પ્રાપ્ત કરી છે. વિનોબા ભાવેનું લક્ષ્ય સર્વોદયના વિચારો અંતર્ગત સમાજમાં ચાલી રહેલા ભેદભાવ, શોષણ અને અન્યાયને દુર કરી શાંતિ સ્થાપિત કરવાનું હતું. વિનોબા ભાવે ગાંધીજીની વિચારધારા ના પ્રબળ સમર્થક હતા અને તેથી જ તેમણે ભૂદાન આંદોલન ના માધ્યમથી ગાંધીજીના સર્વોદયના વિચારને નવી દિશા સાથે આગળ ધપાવવાનું ઉત્કૃષ્ટ કાર્ય કર્યું.. તેમના ભૂદાન માટેની એક અવાજની શરૂઆત ૧ એકર જમીનના દાનથી શરુ થઈ તે પછી તેમણે ૧૩ વર્ષ સુધી અવિરત પગપાળા યાત્રા કરી ૪૪ લાખ જમીન ગરીબો માટે દાનમાં મેળવી તેમણે જમીનદારો પાસે જમીન દાનમાં લઇ જમીન વિહોણાઓને જમીન દાનમાં આપી જમીનની અસમાન વહેંચણીને સમાન કરવાનો પ્રયત્ન કર્યો. તેમનું આ કાર્ય માનવીય ઇતિહાસના અદ્દભુત અને અભૂતપૂર્વ ઉત્કૃષ્ઠ કાર્યો માનું એક છે. ભૂદાન ચળવળ તેમની સર્વોદય ની પ્રબળ ભાવનાએ ગ્રામદાન કરવાની ભાવના જાગી જે સામુહિક સ્વામિત્વ માં પરિણમે છે અને એક ઉત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી અને ચારે બાજુ લોકપ્રિયતા મેળવી હતી.

**ચાવીરૂપ વાક્યો** : વિનોબા ભાવે, ભૂદાન આંદોલન, સર્વોદય , ગ્રામદાન સામાજિક સમાનતા

**પ્રસ્તાવના :**

इर्शवास्यमिदं सर्व यत्किव्च जगत्यांजगत ।

तेन त्यक्तेन भूग्जीथा माँ गृध: कस्य स्विद्द्नम ।(१)
આ જગત માં જે કઈ છે તે ઈશ્વર દ્વારા આચ્છાદિત છે અર્થાત , ઈશ્વરે જ તેને ઉત્પન્ન કર્યો છે અને તે જ તેમના સ્વામી છે. તેથી મનુષ્યે તમામ સંસારિક પદાર્થો નો ઉપભોગ ત્યાગ અને ન્યાયની ભાવના થી જ કરવો જોઈએ ,કારણ કે ઈશ્વર સિવાય કોઈ પણ આ તમામ સંપતિના અધિકારી કહી શકાશે. વિનોબા ભાવે એ આજ શાશ્વત સિદ્ધાંતનો પ્રયોગ ભૂદાન યજ્ઞ માટે કર્યો હતો.
સર્વોદયનો આદર્શ આપણી ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન સમય થી ચાલી આવી રહ્યો છે વૃહદારન્યક ઉપનિષદનો આ સર્વ કલ્યાણ મંત્ર શ્રી વિનોબા ભાવેના સર્વોદયના વિચારોને મૂર્તિમંત કરતો જણાય છે કે-

ॐ सर्वे भवनतु सुखीन:सर्वे सन्तु निरामया:।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित दु:ख भागभवेत।। (2)

જૈનાચાર્ય સામન્તભદ્રના વિચારોમાં પણ સર્વોદયનો વિચાર નિહિત છે તેઓએ કહ્યું છે કે –
" सर्वपदामन्तरं निरन्त सर्वोदय तीर्थ भिद तवैव । " (3)
સર્વોદય કે જેનો અર્થ જ છે "સૌની ઉન્નતિ" "સૌ નું કલ્યાણ" "સૌ ની પ્રગતિ". એક એવું દર્શન છે જે સમાજમાં સમાનતા, ન્યાય અને સૌના સર્વાંગી વિકાસ પર બળ આપે છે. સર્વોદયનું લક્ષ્ય છે કે સમાજના દરેક લોકોનો ભોતિક, સામાજિક અને નૈતિક વિકાસ થાય. સમાજ શાંતિપૂર્ણ અને ન્યાયસંગત બને. સર્વોદય શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ ગાંધીજીએ સંપૂર્ણ સામાજિક રાજકીય દર્શન માટે કર્યો હતો. આ વિચાર તેમણે જ્હોન રસ્કિન ની પુસ્તક " અન તુ ધિ લાસ્ટ " ના વાંચન માંથી મળ્યા (૪) સર્વોદય ના સિદ્ધાંત ત્રણ બાબતો પર ભાર આપે છે (૫) -૧ વ્યક્તિનું શ્રેય સમષ્ટિના શ્રેય માં રહેલું છે 2. વાળંદ નું કામ વકીલના કાર્ય જેટલું જ મહત્વ નું છે, કારણ કે તમામ લોકોને તેમના કાર્યમાં પોતાની આજીવિકા મેળવવાનો સમાન અધિકારછે .3. શારીરિક શ્રમ કરવાવાળાનું જીવન જ સાચું અને શ્રેષ્ઠ જીવન છે.આ ત્રણેય બાબતો એકબીજા સાથે પરસ્પર સંકળાયેલી છે.ગાંધીજી બાદ ભારતીય સ્વતંત્રતાના અહિંસક કાર્યકર્તા શ્રી વિનોબા ભાવેએ સામાજિક આંદોલન ભૂ-દાન-ગ્રામદાન આંદોલન કે જેને સર્વોદય આંદોલન તરીકે જગપ્રખ્યાત બન્યું તેને સાર્થક બનાવવાના ઉદેશ્ય સાથે સર્વોદયના વિચારને અમલમાં મુક્યું.
આચાર્ય વિનોબા ભાવેનું ભૂદાન ચળવળ સાથે આગળ જતા ગ્રામદાન નો વિચાર પણ જોડાય છે, જે સર્વોદય સમાજની ભાવનાની રચનાત્મક કૃતિ હતી. જેને સમજતા પહેલા તેમના મૂખ્ય ખ્યાલોની સ્પષ્ટતા કરીશું

**સર્વોદય નો ખ્યાલ :**
"સર્વોદય" નો અર્થ થાય છે 'બધાની પ્રગતિ' અથવા 'સાર્વત્રિક ઉત્થાન'. "સર્વોદય" વર્ગવિહીન, જાતિવિહીન અને શોષણમુક્ત સમાજની સ્થાપના કરવા માંગે છે, જેમાં દરેક વ્યક્તિ અને સમૂહને તેમના સર્વાંગી વિકાસ માટે સાધન અને તક મળે. વિનોબા કહે છે - "જ્યારે આપણે સર્વોદયનો વિચાર કરીએ

છીએ, ત્યારે ઉચ્ચ-નીચ આધારિત વર્ણ વ્યવસ્થા આપણી સામે દિવાલની જેમ ઉભી રહે છે. તેને તોડ્યા વિના સર્વોદયની સ્થાપના થશે નહીં.

**ભુદાનનો ખ્યાલ :**

“ભૂદાન”નો શાબ્દિક અર્થ છે જમીનનું દાન. નામ સૂચવે છે તેમ, આ ચળવળમાં જમીનમાલિકો સ્વેચ્છાએ જમીનનું દાન કરે છે, જે જમીન વિહોણા મજૂરોને વહેંચવામાં આવે છે, જેઓ તે જમીન પર ખેતી કરે છે. તેનો ઉદ્દેશ્ય અમીર અને ગરીબ વચ્ચેનું અંતર ઘટાડવાનો છે. અહીં જમીન દાન કરનારાઓને કોઈ વળતર આપવામાં આવતું નથી.

**ગ્રામદાન નો ખ્યાલ :**

“ગ્રામદાન” શાબ્દિક અર્થ છે ગામનું દાન. જેમાં ગામની સમગ્ર જમીન દાનના ભાગરૂપે પ્રાપ્ત થવી. ગ્રામદાન કરતા ગામોની સમગ્ર જમીન સામુહિક સ્વામિત્વની ગણવામાં આવે છે કે , જેના પર દરેકનો બરાબર નો અધિકાર હતો .

સર્વોદય સમાજની ઉત્કૃષ્ટ સંકલ્પના રૂપ આ ભૂદાન ચળવળનો મુખ્ય ઉદ્દેશ તેના નામ "ભૂદાન" અથવા જમીન દાનમાં રહેલો છે. તેનો ઉદ્દેશ્ય જમીન માલિકોને તેમની જમીનનો એક નાનો હિસ્સો સ્વેચ્છાએ છોડી દેવા માટે સમજાવીને ભૂમિહીન ખેડૂતોમાં જમીનનું વિતરણ કરવાનો હતો, ભૂદાન ચળવળ- ગામડાના અમીર લોકોને સલાહ આપવામાં આવી હતી કે તેઓ તેમની વધારાની જમીનનો અમુક હિસ્સો ગરીબોને દાનમાં આપે અને આ રીતે તેમની આર્થિક સ્થિતિમાં વધુ સારું સંતુલન લાવે.

વિનોબા ભાવે વિષે ગાંધીજીએ ૧૯૧૭માં કહ્યું હતું કે- ‘આશ્રમના દુર્લભ રત્નોમાંના તેઓ એક છે, તેઓ પોતાના પુણ્યથી આશ્રમને સિંચવા આવ્યા છે પામવા નહીં, આપવા આવ્યા છે’- ગાંધીજીનું આ વિધાન વિનોબાજી વિશે ઘણું કહી જાય છે. વિનોબા ભાવે ગાંધી બાપુના અનુયાયી તો હતા જ પણ તેઓની પોતાની આગવી વ્યક્તિગત પ્રતિભા હતી. તેઓ પ્રખર બુદ્ધિમત્તા, મૌલીક પ્રતિભા, પ્રજ્ઞાવાન, મેધાવી, આત્મનિષ્ઠ, ક્રાંતિકારી, સ્વાતંત્રીયસેનાની, કર્મનિષ્ઠ જીવન ઉપાસક હતા. તેઓ સેવક હતા તો સાથે સાધક પણ હતા. તેમનો જન્મ મહારાષ્ટ્ર રાજયના કોંકણ ક્ષેત્રના ગાગોદા ગામમાં ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૫ ના રોજ ચીતપાવન બ્રાહમણ, ગણિત પ્રેમી, વેજ્ઞાનિક સુઝ બુઝ ધરાવતા નરહરિ ભાવે અને વિદુષી રૂકમણીને ત્યાં થયો હતો.તેમનું બાળપણ નું નામ વિનાયક હતું વિનોબા નામ ગાંધીજી એ પાડ્યું હતું.

વિનોબા ભાવે ની ગ્રહણશક્તિ ખૂબ જ તીવ્ર હતી. તેમણે નાનપણમાં જ ૨૫-૩૦ હજાર પધ કંઠસ્થ કર્યા હતા. તેમણે ૧૦ વર્ષની નાની વયે બ્રહ્મચર્યનો સંકલ્પ કર્યો હતો અને ૨૧ વર્ષની ઉમરે વયે ઘર છોડી દીધું હતું. ઇ. સ. ૧૯૧૬ની ૨૫ માર્ચે તેઓ ઘર છોડી કાશી ગયા હતા અને ત્યાં તેમણે અનેક શાસ્ત્રો નું અધ્યયન કર્યું હતું. ઈશ્વરની ખોજમાં હિમાલય જવું કે દેશને સ્વતંત્ર કરવા લડતમાં જોડાવું એ બંને અંગે તેઓ વિચારતા હતા , બંગાળની ક્રાંતિકારીઓના માર્ગને અનુસરવા પણ તેઓ તત્પર હતા પરંતુ જયારે તેઓ

કાશી હતા તે જ સમયે ગાંધીજી પણ દક્ષિણ આફ્રિકાની અહિંસક લડતના વિજયી નેતા તરીકે ભારત આવ્યા હતા અને સમગ્ર ભારતને સમજવા માટે ભારતની પ્રદીક્ષણા  માટે નીકળ્યા હતા ત્યાં તેમના પ્રવચનથી વિનોબા ભાવે પ્રભાવીત થયા હતા અને ગાંધીજીને મુલાકાત માટેની પરવાનગી માંગી. ગાંધીજી એ તેમને કોચરબ આશ્રમ અમદાવાદ મુલાકાત આપી, જ્યાં તેમને બંગાળની ક્રાંતિ અને હિમાલયની શાંતિનો વિરલ યોગ દેખાયો અને તેઓ ગાંધીજી સાથે જોડાઈ ગયા

વિનોબા ભાવે મૂળ તો ગાંધી વિચારથી પ્રેરાયેલ કર્મવીર અને સનિષ્ઠ સમાજ સેવક, સ્વાતંત્ર સેનાની હતા ઇ.સ.૧૯૪૦ માં ગાંધીજીએ તેમના આંદોલન માટે પ્રથમ સત્યાગ્રહી તરીકે ઓળખાવ્યા હતા  ગાંધી નિર્વાણ પછી તેમણે ગાંધી વિચાર એટલે કે સર્વોદય વિચારને જુદી જુદી રીતે અમલમાં મુકવાનો પ્રયાસ કર્યો હતો તેમાં  ભૂદાન આંદોલન સર્વોચ્ચ સ્થાને છે.વિનોબા ભાવે સર્વોદય શબ્દનો અર્થ સૌ નો વિકાસ કરે છે. વિનોબાજી કહે છે કે વિજ્ઞાન વત્તા આત્મજ્ઞાન એટ્લે સર્વોદય. શ્રમને સામાજિક પ્રતિષ્ઠા મળે, લોકો આધ્યાત્મિક મૂલ્યને ઓળખે અને આત્મસાત કરે તેવું સતત ચિંતન તેઓ કરતાં હતા.

આ આંદોલનના મૂળમાં ગાંધીવાદી તકનીકો રચનાત્મક કાર્યો તથા ટ્રસ્ટીશીપ જેવા વિચારોને પ્રયોગમાં લાવ્યા. આ એક સ્વેચ્છિક ભૂમિ સુધાર આંદોલન હતું. વિનોબાજીનો ઉદેશ્ય ભૂમિનું પુનર્વિતરણ માત્ર સરકારી કાયદાઓ દ્વારા જ નહી, પરંતુ આંદોલનના માધ્યમથી તેમાં સફળ પ્રયત્ન કરવામાં આવે. ભૂ દાન માંથી ગ્રામ દાન ,જીવનદાન,સંપતિ દાન, સર્વોદય પાત્ર ,શાંતિ સેના જેવા કાર્યક્રમોનો આવિષ્કાર થયો.(૬) તેમણે આ કાર્યને ગાંધીજીના અહિંસાના સિધ્ધાંત સાથે સંબંધિત કાર્ય બતાવ્યુ હતું. તેમનો ઉદેશ્ય અહિંસાત્મક રીતે દેશમાં સામાજિક પરિવર્તન લાવવાનો  હતો (૭)

આચાર્ય વિનોબાનું ભૂદાન આંદોલન લોકોના મનમાં છવાયેલું છે. અને  ભવિષ્યમાં તેની છબી અવિરત રહશે.આઝાદી પછીનો આ પહેલો પ્રયાસ હતો, જ્યાં રચનાત્મક ચળવળ દ્વારા જમીન સુધારણાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.તેઓ ભૂદાન ચળવળ દરમ્યાન કહેતા હતા કે દરેક વ્યક્તિઓ માં પરસ્પર સમન્વયની ભાવના હોવી જોઈએ.અહી મારું કામ જમીનને વિભાજીત કરવાનું નથી,પણ દિલોને જોડવાનું છે. હું ગરીબોનો દરિદ્રનારાયણ છું અને તેમને તેમના હક મળે તે માટે પ્રયાસરત છું. વધુમાં તેઓ કહે છે કે તમારે સ્વામિત્વ છોડવું પડશે સ્વામી બનવાની હવસ છોડીને સૌ ને ન્યાય પૂર્ણ  હિસ્સો પ્રાપ્ત થાય તે માટે સહભાગી બનવા માટે આહ્વાન કર્યું

૧૯૫૧મા વિનોબા ભાવે આંધ્રપ્રદેશના તેલંગાણાના હિંસાગત ક્ષેત્રની યાત્રા પર હતા ત્યારે પોચમપલ્લી ગામના હરિજનો સાથે તેમની મુલાકાત થઇ ત્યારે તે લોકોએ વિનોબા ભાવેને આશરે ૮૦ એકર જમીન ઉપલબ્ધ કરી આપવાનો આગ્રહ કર્યો કે જેથી તેઓ પોતાનું જીવન ગુજરાન કરી શકે, ત્યારે વિનોબા ભાવેએ તે ગામના જમીનદારોને આગળ આવી પોતાની જમીન દાનમાં આપી હરિજનોને મદદ કરવાની અપીલ કરી. ત્યારથી આ ભૂદાન આંદોલનની શરૂઆત થઇ

૧૮,એપ્રિલ ૧૯૫૧માં  આંધ્રપ્રદેશ અને હાલનું તેલંગાણાના  પોચમપલ્લી ગામમાં વિનોબાજીની અપીલ હતી કે આપણા જ સમાજના જે કચડાયેલા અને ગરીબ કે જમીનથી વંચિત એવા વર્ગને જમીનદારો

પોતાની જમીન દાનમાં આપે તો સમાજની સામાજિક આર્થિક અસમાનતાને દૂર કરી શકાય અને સરકારની સાથે સમાજ પણ અસમાનતાને દુર કરવામાં પોતાનું સ્વેચ્છિક યોગદાન આપે. તેમના આ એક અવાજની શરૂઆત ૧ એકર જમીનના દાનથી શરુ થઈ

વિનોબા ભાવે પગપાળા યાત્રા કરી ગામેગામ જતા અને ભૂસ્વામીઓને તેમની જમીનનો ઓછામાં ઓછો છઠ્ઠો ભાગ જમીનવિહોણા લોકો માટે વહેંચવા માટે આપવાનો અનુરોધ કરતા હતા. ત્યારે પાંચ કરોડ જમીન હાંસલ કરવાનું ધ્યેય રાખવામાં આવ્યુ હતું, કે જે ભારતમાં ત્રીસ કરોડ એકર ખેતીલાયક જમીનનો છઠ્ઠો ભાગ હતો.તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુએ વિનોબા ભાવે માટે કહેલું કે- મારા કાર્યકાળ દરમ્યાન જમીન અંગેના કાયદાની ૭૦૦ કલમ પર હું સહી કરી ચુકેલો અને તેને પરિણામે ભારતમાં જેટલી જમીન ગરીબોમાં વહેંચાઇ, તેનાથી અનેકગણી વધારે જમીન આ સંત પુરુષના કહેણ પર લોકોએ આપી.(૮) આ આંદોલનના શરૂઆતના દિવસોમાં વિનોબા ભાવેએ તેલંગાણાના ૨૦૦ ગામમાં પગપાળા યાત્રા કરી હતી, ત્યારે તેમને દાનમાં ૧૨,૨૦૦ એકર જમીન માળી હતી. ત્યાર બાદ આ આંદોલન ઉત્તર ભારત માં ફેલાયું. બિહાર અને ઉત્તરભારતમાં આ આંદોલનનો પ્રભાવ સારો રહ્યો. ૧૯૫૩ માં તો તે સમયના સક્રિય રાજકીય નેતા જયપ્રકાશ નારાયણ પણ રાજકારણ છોડી આ આંદોલનમાં જોડાઈ ગયા હતા. આ આંદોલને ૧૯૫૫ આવતા સુધીમાં એક નવું જ સ્વરૂપ ધારણ કર્યું હતું. તેને ગ્રામદાનના રૂપમાં ઓળખવામાં આવ્યું. એટલે એનો અર્થ એ હતો કે ‘સમગ્ર ભૂમિ ગોપાલની.’ ગ્રામદાન કરતા ગામોની સમગ્ર જમીન સામુહિક સ્વામિત્વની ગણવામાં આવી, જેના પર દરેકનો બરાબર નો અધિકાર હતો. તેની શરૂઆત ઉડીસા થી થઇ અને તેને સારો પ્રતિસાદ સાંપડ્યો. ૧૯૬૦ સુધીમાં તો દેશમાં ૪,૫૦૦ થી વધુ ગ્રામદાન ગામો થઇ ગયા હતા, જેમાં ૧૯૪૬ ગામ ઉડીસાના હતા જયારે બીજા સ્થાને મહારાષ્ટ્ર કે જેમના ગ્રામદાન ગામોની સંખ્યા ૬૦૩ હતી. અભ્યાસ કરતા જણાય છે કે ગ્રામદાનના વિચારો એવા વિસ્તારોમાં સફળ થયા હતા કે જ્યાં વર્ગભેદ ના હતો અને તે વિસ્તાર આદિવાસીઓના હતા.

૧૯૬૦ના દસકામાં આ આંદોલન થોડું કમજોર પડતું જણાયું કદાચ તેની રચનાત્મક ક્ષમતાઓનો યોગ્ય ઉપયોગ ના કરી શકાયો. દાનમાં મળેલ ૪૪ લાખ જમીન માંથી ૧૯૬૧ સુધીમાં ૮.૭૨ લાખ એકર જમીન ગરીબ અને જમીનવિહોણા લોકોમાં વહેચાઈ હતી. જેના અન્ય ઘણા કારણો હતા જેમ કે દાનમાં મળેલ જમીનનો સારો એવો ભાગ જે ખેતી કરવાને લાયક જ ના હતો, ઘણી જમીનો મુકાદમાંમાં ફસાયેલી હતી વગેરે વગેરે. પરંતુ હવે આ વાતો લોકોના મગજમાંથી ભુલાવી દેવાઈ છે, ક્યારેક ક્યારેક ભૂદાન જમીનના સમાચાર વર્તમાનપત્રમાં ડોક્યા કરી લે છે પરંતુ વિનોબા ભાવેનું આ ભૂદાન આંદોલન લોકોના હૃદયમાં વસી ગયું છે જે સ્વતંત્રતા બાદ રચનાત્મક કાર્યોની મદદથી ભૂમિ સુધારણાના પ્રયત્ન કરવામાં આવ્યા અને લોકોએ પણ આ આંદોલન દ્વારા સમાજને આગળ લાવવાના પ્રયત્ન કર્યા.

આ એક ઉત્તમ સામુદાયિક પ્રયોગ સફળ થયો એમ કહી શકાય તેવી સ્થિતિ આજે નથી ભારતમાં આવકની અસમાનતાનું પ્રમાણ અત્યંત છે સમગ્ર વિશ્વમાં આવકની અસમાનતાના મુદે રશિયા પછી ભારત બીજા સ્થાને છે. આ આંદોલન હાલ પ્રાસંગિક બની ગયું છે તેની કોઈ મોટી અસર જોવા મળી નહીં. ભૂદાન

આંદોલન દરમિયાન વિનોબા ભાવેને ગુજરાતમાં લગભગ ૧૦૩૫૩૦ એકર જમીન દાનમાં મળી હતી જે ભૂદાન સમિતિ દ્વારા જુદા જુદા જરૂરિયાત મંદ લોકોને આપવામાં આવી હતી જેમાં તે સમયના સોરાષ્ટ્ર ના ભૂમિ વિહોણા લોકોને પણ જમીનનો મોટો હિસ્સો મળ્યો હતો. ૧૯૬૦માં ગુજરાત રાજ્ય અલગ થતાં કેટલીક જમીન મહારાષ્ટ્રમાં જતી રહી જયારે ગુજરાતમાં શહેરીકરણનો વ્યાપ વધતા ગામડાઓની સેંકડો જમીન શહેરમાં ભળી ગઈ હતી અને જમીનના વધુ ભાવ મળતા દાનમાં મળેલ જમીન બિલ્ડરોને કે અન્ય વ્યક્તિઓને વેચી દેવામાં આવતી હતી. આ રીતે ભૂદાનમાં મળેલ જમીનો ખરીદાતી હોવાની ઘટના રાજ્ય મહેસુલ વિભાગને ધ્યાને આવતા રાજ્ય સરકાર દ્વારા સંબંધકર્તાઓને નોટીસ આપવામાં આવી હતી જેની સામે કાનૂની જંગ શરુ થતા છેવટે ૨૦૧૭ માં ગુજરાત હાઇકોર્ટે આ સમગ્ર મામલામાં દરમ્યાનગીરી કરી એવો ચુકાદો આપ્યો હતો કે ભુદાનમાં મળેલ જમીનનો ખેતીવાડી માટે ઉપયોગ ના થયો હોય અથવા તો આ જમીન બારોબાર વેચવામાં આપી દીધી હોઈ તો તે જમીન પરત લઇ પ્રજાકીય સુવિધાઓ માટે તેનો ઉપયોગ થવો જોઈએ અને આ સંદર્ભમાં રાજ્ય સ્તર તથા જીલ્લા સ્તરની કમિટી પણ બનાવી ગુજરાતના ભૂદાન આંદોલન દરમિયાન કેટલી જમીન દાનમાં અપાઈ હતી તેનો ગુજરાત સર્વોદય મંડળનો સહકાર લઇ માહિતી તૈયાર કરી હાઇકોર્ટમાં રીપોર્ટ કરવા રાજ્ય સરકારને તાકીદ કરી હતી

ગુજરાત સરકારે છેલ્લા સમયથી ભૂદાનની જમીનના વેચાણ ઉપર અથવા તો તેની ઉપર બાંધકામ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવી દીધો છે અને કુલ આવા કેટલા કેસો છે તેની તપાસ કરવા વહીવટીતંત્રને આદેશ આપી દીધો છે સરકારી સુત્રોના જણાવ્યા અનુસાર ગુજરાત સરકાર હાઇકોર્ટની ટકોર બાદ હવે આગામી દિવસોમાં ભુદાનમાં મળેલી જમીન અંગે ચોક્કસ નીતિ ઘડવા જઈ રહી છે અને જે કેસોમાં ભૂદાનની જમીન બારોબાર વેચાઈ ગઈ હશે અથવા તો તેની ઉપર બાંધકામ થયેલું હશે તેવી જમીનનો કબજો રાજ્યસાત કરવાની દિશામાં ઝડપી કાર્યવાહી કરવામાં આવશે સમગ્ર દેશના પગલે શહેરીકરણનો ફેલાવો ગુજરાતમાં પણ થતા ગ્રામીણ ક્ષેત્રની હજારો એકર જમીનો શહેરમાં આવી ગઈ છે અને આ જમીન પર કોમર્શિયલ બાંધકામ પણ થયું છે જેનો કોઈ રેકોર્ડ સરકાર પાસે ઉપલબ્ધ નથી પરંતુ જુદા જુદા કેટલાક કેસોમાં આ પ્રકારની જમીનના મૂળ માલિકોના વારસદારોએ કોર્ટમાં અરજી કરતા હાઇકોર્ટે પણ તેની ગભીર નોંધ લીધી હતી અને આ પ્રકારની અનુચિત પ્રવૃતિના કારણે ભૂદાન ચળવળનો મૂળ આશય જળવાયો નહિ હોવાની હાઇકોર્ટે પણ તેની ગંભીર નોંધ લીધી હતી એટલું જ નહિ પરંતુ સરકારની ઘોર ઉદાસીનતા અને ગેર વહીવટના કારણે આ સમસ્યા વધુ ઘેરી બની છે

વિનોબા ભાવે એ સતત ૧૩ વર્ષ સુધી ભારતમાં આશરે ૫૮૭૪૧ કિલોમીટર અવિરત પગપાળા યાત્રા કરી ૪૪ લાખ જમીન ગરીબો માટે દાનમાં મેળવી તેમણે જમીનદારો પાસે જમીન દાનમાં લઇ જમીન વિહોણાઓને જમીન દાનમાં આપી. જમીનની અસમાન વહેંચણીને સમાન કરવાનો પ્રયત્ન કર્યો. સર્વોદય માટે કહેવાયું છે કે –“તમે બીજાને જીવવા માટે જીવો છો “(૯)પોતાના જીવનને સંપૂર્ણ બનાવવું જીવનને સર્વત્ર સમૃદ્ધ બનાવવું એ ભોતિક અને આધ્યાત્મિક સમૃદ્ધિ નો આદર્શ જ સર્વોદય છે (૧૦) આમ શ્રી વિનોબા ભાવે એ ત્યાગ દ્વારા હૃદય પરિવર્તન કરી સામાજિક પરિવર્તન કરી સામાજિક સમાનતા અને

ન્યાયી અને સુસંગત સમાજ રચવાનો તેમનો નમ્ર પ્રયાસ આ ભૂ-દાન-ગ્રામદાન આંદોલનમાં પરિપાક થતો જોઈ શકાય છે .

વિનોબાજી તેમના આ સામુદાયિક કાર્ય માટે ૧૯૫૮મા રેમન મેગ્સેસે એવોર્ડ મેળવનાર પ્રથમ વ્યક્તિ હતા. ભારત સરકારે વિનોબા ભાવેને ૧૯૮૩મા સર્વોચ્ચ નાગરિક સન્માન ભારતરત્નથી નવાજ્યા હતા. આમ આ ભૂદાન આંદોલનની ભારતમાં જ નહિ પરંતુ વૈશ્વિક સ્તરે પ્રશંસા થઇ. આમ આ ઘટનાએ ભારતના ત્યાગ અને અહિંસાના ઇતિહાસમાં નવો અધ્યાય જોડ્યો

**સંદર્ભ :**

1. प्रतिवेदन क्रमांक -1  राज्य में भूदान भूमियों ऑर भूदान धारकों की स्थिति ऑर भविष्य की दिशा - जनवरी २०१७
2. ડૉ રમેન્દ્ર. સમાજ અને રાજનીતિ દર્શન  મોતીલાલ બનારસી દાસપ્રથમ આવૃત્તિ -૨૦૦૫ પૃ નં-૨૫૯
3. ધર્માધિકારી દાદા  સર્વોદય દર્શન સર્વ સેવા સંઘ પ્રકાશન રાજઘાટ વારાણસીઆવૃત્તિ ૧૯૫૮ પૃ નં-૫
4. એજન પૃ નં-૫
5. ગાંધી મોહનચંદ કરમચંદ સર્વોદય પ્રકાશન અમદાવાદ. પ્રસ્તાવના પૃ નં-૩.૧
6. ગુજરાતી વિશ્વ કોશ –વિનોબા ભાવે
7. વીકીપીડીયા-વિનોબા ભાવે
8. મીર ભટ્ટ : મહર્ષિ વિનોબા ભાવે –નવજીવન પ્રકાશન મંદિર ,અમદાવાદ –ત્રીજી આવૃત્તિ -૨૦૦૬ પૃ ન ૫૪
9. દત્ત ડી.એમ : ધ ફિલોસોફી ઓફ મહાત્મા ગાંધી. કલકત્તા યુનીવર્સીટી પ્રેસ. કલકત્તા . ૧૯૬૮ . પૃ નં-૧૫૩
10. ભાવે વિનોબા . હરીજન સેવક  ૧૭.૦૪.૧૯૪૯. પૃ નં-૫૬
11. आयुक्त  भू -अभिलेख एवं बंदोबस्त , मध्यप्रदेश
12. બર્મા  ડૉ બી પી , " આધુનિક ભારતીય રાજનીતિક ચિંતન " લક્ષ્મી નારાયણ પ્રેસ આગરા.
13. રામ શર્મા આચાર્ય – "સંત વિનોબા ભાવે" વિચાર ક્રાંતિ અભિયાન  શાંતિકુંજ , હરિદ્વાર
14. hi.m.wikipediia.org
15. satyagrah.scroll. in
16. prabhasakshi.co
17. sharchat. Blogspot.com
18. gramdan –Gujarati  Vishwakosh
19. https:// en. Wikipedia.org.>wiki>Vinoba Bhave